તમારું પુલિસ ખાતું કાયદાને અનુસરતા નાગરીકોને મદદ કરશે અને તમને અને તમારા નેબરહૂડને હાનીથી સલામત રાખવા માટે ગુનેગાર વ્યક્તિઓનો મક્કમતાથી શોધ કરશે.

અમે નીચે મુજબ કરીશું:

● તમારી સાથે હંમેશાં માન અને આદર સાથે ન્યાયી રીતે વર્તન કરીશું અને એક વાજબી સમયે અને જે સમય તમને અનુકૂળ હોય તે સમયે તમે યોગ્ય રીતે અમારી સેવાનો સંપર્ક કરી શકો તેની ખાતરી કરીશું.

તમારે માટે ખંતથી કામ કરનાર નેબરહૂડ પુલિસીંગ ટીમ કોણ છે, તેઓ ક્યાં હોય છે, તેમનો સંપર્ક કેવી રીતે કરવો અને તેમની સાથે કેવી રીતે કામ કરવું એ વિષે તમને માહિતી પૂરી પાડીશું

● તમારા વિભાગની અંદર નેબરહૂડ પુલિસીંગ ટીમ અને બીજી પુલિસની ચોકી જે સમયે એ સૌથી વધારે અસરકારક હોય અને તમે અમને જણાવો કે ક્યારે તમને એની સૌથી વધારે જરૂરી છે તે સમયે એ નજરે પડે તેની ખાતરી કરીશું. અમે એ બાબતની ખાતરી કરીશું કે તમારી ટીમને નેબરહૂડના કાર્યમાંથી જ્યારે ખાસ જરૂર ન હોય તે સિવાય વધુ પ્રમાણમાં ખસેડવામાં આવશે નહિં. તેઓ ઓછામાં ઓછો તેમનો 80 % જેટલો સમય તમારા નેબરહૂડમાં તમારી અગ્રતાનો નિકાલ કરવા, નજરે પડે એ રીતે કામ કરશે. કર્મચારીઓની ફેરબદલી તદ્દન ઓછી હશે.

તમારી નેબરહૂડ પુલિસીંગ ટીમ ઉપર જે દરેક સંદેશો મોકલવામાં આવ્યો હોય તેનો 24 કલાકની અંદર જવાબ આપવો અને જ્યારે જરૂર હોય ત્યારે અમારાથી બની શકે તેટલો જલદી વિગતવાર રિપોર્ટ પૂરો પાડવો.

• 999 ટેલિફોનનો 10 સેકંડની અંદર જવાબ આપવાનો ધ્યેય છે, કટોકટીમાં આવવાના સમયનો તરતજ અંદાજ આપવાની વ્યવસ્થા કરવી, અને જેટલું શક્ય હોય તેટલું જલદી તમને સલામત સ્થાન ઉપર લઇ જવા. શહેરના વિભાગમાં 15 મિનિટની અંદર અને ગ્રામ્ય વિભાગમાં 20 મિનિટની અંદર તમારી પાસે આવવા માટે અમે ધ્યેય રાખીશું.

કટોકટી ન હોય એવા બધા ટેલિફોનનો ઝડપથી જવાબ આપવો.

જો હાજર રહેવાની જરૂર હોય તો ચોકીદારને મોકલવા અને તમને આવવાના સમયનો અંદાજ આપવો અને:

• જો તમને આંતરિક નિર્બળતા હોય અથવા વ્યાકુળ હોય તો તમારી પાસે 60 મિનિટની અંદર આવવાનો ધ્યેય છે.

• જો તમે કોઇ બાબત માટે ફોન કરતા હોય કે જેના વિષે અમે તમારા સમાજ સાથે સહમત થયા હોય કે એ નેબરહૂડની અગ્રતા છે અને હાજરીની જરૂર હોય તો  તમારી પાસે 60 મિનિટની અંદર આવવા માટેનો અમારો ધ્યેય છે.

• અથવા બીજી રીતે, જો યોગ્ય હોય તો તમને મળવા માટે  અમે એવા સમયે  કે જે તમારા રોજીંદા નિત્યક્રમમાં અનુકૂળ હોય તે મુજબ 48 કલાકની અંદર નિયોજીત મુલાકાત નક્કી કરીશું.

• જો એમ નક્કી કરવામાં આવે કે હાજરી જરૂરી નથી, તો અમે અમે તમને સલાહ આપીશું, તમારા સવાલોના જવાબ આપીશું અને/અથવા અમે કોઇ એવી વ્યક્તિના સંપર્કમાં મુકીશું જેઓ તમને મદદ કરી શકે.

Outside Pages

Page 4

લેસ્ટર, લેસ્ટરશાયર એન્ડ રટલેન્ડ

તમારા સમાજના બીજા સભ્યો સાથે તમારી સ્થાનિક ટીમને મળવાની તમને તક આપવા માટે મહિનામાં ઓછામાં ઓછા એક વખત તમારી અગ્રતાઓને સંમતિ આપવા માટે નિયમિત રીતે જાહેર સભાની વ્યવસ્થા કરવી. આની અંદર સર્જરીઓનો, સ્ટ્રીટ બ્રીફીંગ અને સ્થાનિક જરૂરિયાતો અને આવશ્યકતાઓ પૂરી પાડવા માટે મોબાઇલ પુલિસ સ્ટેશનના મુલાકાતની વ્યવસ્થા કરવાનો સમાવેશ થાય છે.

- સુધારાઓ અને સ્થાનિક ગુનાઓ અને પુલિસને લગતી બાબતો અંગે દર મહિને જાણકારી પૂરી પાડવી. આની અંદર ગુનાનો નકશો પૂરો પાડવાનો, ખાસ ગુનાઓ વિષે માહિતી અને જેમને ઉપર ન્યાય કરવામાં આવ્યો છે તેમના વિષે શું કરવામાં આવ્યું ,અને અમે અને અમારા ભાગીદારો તમારા નેબર હૂડને સલામત બનાવવા માટે અમે શું કામો કરીએ છીએ અને તમારું પુલિસ ખાતું કેવી રીતે કામ કરે છે તે વિષેની માહિતી પૂરો પાડવાનો સમાવેશ થાય છે.

જો તમે ગુનાનો ભોગ બન્યા હોય અને તમારી સાથે સહમત થાય તો  તમારા  કેસ બાબતમાં જે પ્રગતિ થાય તેની કેટલી વખત અને કેટલો સમય તમને માહિતી આપવી જોઇએ. જો તમારી ઇચ્છા હોય તો ઓછામાં ઓછા મહિનામાં એક વખત અને જ્યાં સુધી વાજબી હોય ત્યાં સુધી તમને માહિતી પૂરી પાડવામાં આવે એ તમારો હક છે.

- અમારી સેવાઓ અંગે તમને જે અસંતોષ હોય તેનો અમને રિપોર્ટ કર્યા પછી 24 કલાકની અંદર તે મળ્યાનો જવાબ આપવો. એ બાબતનો સંપૂર્ણ રીતે નિકાલ કરવામાં અમને મદદ કરવા માટે, એની ઉપર કેવી રીતે કાર્યવાહી કરવામાં આવશે, તમારી ચિંતાઓ વિષે કોઇ સાથે રૂબરૂમાં વાત કરવાની તમને તક આપવા અને તે વિષે શું કરવામાં આવશે અને કેટલું જલદી એ વિષે તમારી સંમતિ બાબત તમારી સાથે ચર્ચા કરવી.

અમે તમારે માટે સૌથી ઉત્તમ કામો કરવા માંગીએ છીએ, પરંતુ જો અમે અમારું વચન પાળવામાં નિષ્ફળ જઈએ તો જે ઉત્તમ પ્રકારનું ધોરણ પૂરું પાડવા અમારી ઈચ્છા છે અને જેને માટે તમે લાયક છો તે આ  સમયે શા માટે શક્ય ન હતું તે હંમેશાં સમજાવીશું.